
# ન્યુઝીલેન્ડ-દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે સેમીફાઈનલ

ઓકલેન્ડ,તા. ૨૩

આઈસીસી વર્લ્ડ કપની પ્રથમ સેમીફાઈનલ મેચ આવતીકાલે દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનાર છે. બન્ને ટીમોમાંથી કોણ ફાઈનલમાં પહોંચશે તે બાબત આવતીકાલે નક્કી થઈ જશે. બન્ને ટીમો હજુ સુધી ક્યારેય પણ વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચી નથી. બન્ને ટીમોને ઈતિહાસ રચવાની તક છે. જેથી આ મેચ ખુબ હાઈ પ્રોફાઈલ અને ફાઈનલ સમાન જ બની રહેશે. બન્ને ટીમોના લાખો ક્રિકેટ ચાહકો આ મેચને લઈને ભારે ઉત્સુક છે. બીજી બાજુ ભારતમાં પણ કરોડો ચાહકો આ મેચને લઈને ઉત્સાહિત થયેલા છે. ઓકલેન્ડ ખાતે હાઉસફુલના શો વચ્ચે આ મેચ રમાનાર છે. આ વખતે યજમાન ન્યુઝીલેન્ડ વધારે ફેવરીટ ટીમ દેખાઈ રહી છે. તેના તમામ ખેલાડી જોરદારફોર્મમાં દેખાઈ રહ્યા છે. દરેક મેચમાં નવા હિરો સપાટી પર આવી રહ્યા છે. બીજી બાજુ આફ્રિકા પણ આ મેચને લઈને ખુબ ઉત્સાહિત છે. બન્ને ટીમોમાંથી કોણ બાજી મારી જશે તે કહેવુ મુશ્કેલ છે. ચાર વર્ષ અગાઉ આ બન્ને ટીમો નોકઆઉટમાં ટકરાઈ હતી જ્યારે ન્યુઝીલેન્ડે ઢાકામાં ૪૯ રને જીત મેળવી લીધી હતી. વર્લ્ડ કપમાં તેમની વચ્ચે રમાયેલી મેચોના આંકડા પર નજર કરવામાં આવે તો ન્યુઝીલેન્ડ પ્રબળ દાવેદાર દેખાઈ રહી છે. તેમની વચ્ચે વિશ્વ કપમાં છ મેચો રમાઈ છે. જે પૈકી ન્યુઝીલેન્ડે ચાર અને આફ્રિકાએ બે મેચો જીતી છે. ઓકલેન્ડ ખાતે રમાનારી મેચનુ પ્રસારણ સવારે છ વાગ્યાથી આવતીકાલે કરવામાં આવનાર છે. આઈસીસી વર્લ્ડકપની પ્રથમ ક્વાર્ટર ફાઈનલ મેચમાં દક્ષિણ આફ્રિકાએ શ્રીલંકાને કચડી નાંખીને સેમીફાઈનલમાં આગેકૂચ કરી દીધી હતી. શ્રીલંકાની ટીમ ૩૭.૨ ઓવરમાં ૧૩૩ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. જેના જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ ૧૮ ઓવરમાં એક વિકેટ ગુમાવી ૧૩૪ રન બનાવીને મેચ જીતી ગઈ હતી. આફ્રિકા તરફથી ડી કોકે ૫૭ બોલમાં ૧૨ ચોગ્ગા સાથે ઝંઝાવતી અણનમ ૭૮ રન બનાવ્યા હતા. જ્યારે વેલિંગ્ટન ખાતે આજે રમાયેલી અન્ય ક્વાર્ટર ફાઈનલ મેચમાં ગુપ્ટિલના શાનદાર અણનમ ૨૩૭ રનની મદદથી ન્યુઝીલેન્ડે વિન્ડિઝને હાર આપીને સેમિફાઈનલમાં આગેકૂચ કરી લીધી હતી. ન્યુઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં છ વિકેટે ૩૯૩ રન કર્યા હતા જેના જવાબમાં વિન્ડિઝની ટીમ ૨૫૦ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. વિન્ડિઝે ૩૦.૩ ઓવરમાં આ ૨૫૦ રન કર્યા હતા. ન્યુઝીલેન્ડના ખેલાડી ધરખમ ફોર્મમાં દેખાઈ રહ્યા છે. વિન્ડીઝ સામે ક્વાર્ટર ફાઈનલ મેચમાં બેવડી સદી ફટકારનાર ગુપ્ટિલની મેન ઓફ દ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. માર્ટિન ગુપ્ટિલ પર મુખ્ય આધાર રાખવામાં આવે છે પરંતુ તેનો દેખાવ આફ્રિકા સામે સારો રહ્યો નથી. તે ૧૧ વનડે મેચચમાં ૧૧ રનની સરેરાશ સાથે જ રન બનાવી શક્યો છે. ન્યુઝીલેન્ડના તમામ ખેલાડીઓની અસલ કસોટી આવતકાલે આફ્રિકાના આક્રમણની સામે થનાર છે. ન્યુઝીલેન્ડના બોલરો પણ શાનદાર ફોર્મમાં છે જેમાં બોલ્ટ, વેટ્ટોરી અને ટીમ સાઉથીનો સમાવેશ થાય છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યુંછે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વર્તમાન ચેમ્પિયન ભારત કપને જાળવી રાખવા માટે સજ્જ છે.વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે.રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. જે વર્ષ ૨૦૧૧માં રમાયેલા છેલ્લા વર્લ્ડ કપ કરતા ૨૦ ટકા વધારે ઈનામી રકમ છે. આફ્રિકાની ટીમમાં પણ ઘણા સ્ટાર ખેલાડી છે. જેમાં કેપ્ટન ડિવિલિયર્સ આધુનિક સમયનો સૌથી ધરખમ બેટ્સમેન છે. સાથે સાથે તેની પાસે હાસીમ અમલા,ડી કોક અને ડ્યુમિની જેવા ખેલાડી છે. સ્ટેઈન બોલિંગમાં ખુબ ખતરનાક છે. બન્ને ટીમો નીચે મુજબ છે.

ન્યુઝિલેન્ડ :- ગુપ્ટીલ, મેક્કુલમ, વિલિયમસન, ટેલર, ઈલીયોટ, એન્ડરસન, રોન્ચી, વેટોરી, સાઉથી, હેન્ડ્રી, મિલ્સ, બોલ્ટ.

આફ્રિકા :- અમલા, ડિકોક, પ્લેસીસ, ડિવીલીયર્સ, રોસવો, મિલર, ડ્યુમિની, સ્ટેન, ફિલાન્ડર, એબોર્ટ, મોર્કેલ, તાહીર.





**ક્લીન ઈન્ડિયા પ્રોજેક્ટ માટે ૧૦૦૦ કરોડ મળ્યા**

## પીએમના સ્વચ્છ ભારતને જોરદાર પ્રતિસાદ : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાનને દેશમાં જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. દેશની તમામ મહાકાય કંપનીઓ મોદીની પહેલમાં સામેલ થઈ ચુકી છે. મોદીની સ્વચ્છ ભારતની પહેલ બદા સ્વચ્છ ભારત અભિયાનમાં ભારતીય કંપનીઓ કુદી પડીને ૧૦૦૦ કરોડથી વધુનુ યોગદાન આપી ચુકી છે. મોદીની પહેલને જે કંપનીઓ મદદ કરવા માટે આગળ આવી છે તેમાં એલએન્ડટી, ડીએલએફ, વેદાન્તા, ભારતી , અમ્બુજા સિમેન્ટ, ટોયોટો, કિર્લોસ્કર, મારૂતિ, તાતા, કોકા કોલા, ડાબર, ઈન્ફોસીસ, ટીવીએસ અને અન્ય અન્ય અનેક કંપનીઓનો સમાવેશ થાય છે. સ્વચ્છ ભારત પ્રોજેક્ટમાં સામેલ થવા માટે કંપનીઓ ઉત્સુક છે.મહાકાય કોર્પોરેટ હાઉસ જુદા- જુદા પ્રકારના પ્રોજેક્ટોમાં નાણાં ફાળવવા માટે ઉત્સુક બનેલા છે. કોલ ઈન્ડિયા, ઓએનજીસી, આઈઓસી જેવી સરકારી કંપનીઓ પણ સ્વચ્છતા અભિયાનમાં સામેલ થવા ફંડની ફાળવણી કરી છે. પ્રોજેક્ટોમાં ગ્રામીણ વિસ્તારોમાં વિદ્યાર્થીનીઓ માટે ટોઈલેટના નિર્માણ, સ્થાનિક વિસ્તારોમાં સ્વચ્છતા, વર્તન બદલવા માટે વર્કશોપ, વેસ્ટ મેનેજમેન્ટ, વોટર હાઈજીન અને સેનિટેશન જેવા પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે. આ મોટા ભાગના પ્રોજેક્ટો સીએસઆર હેઠળ ફંડેડ છે. કેટલાક પ્રોજેક્ટો સીએસઆર હેઠળ આંશિક રીતે પણ આવરી લેવાયા છે.આ પ્રોજેક્ટમાં ગામોમાં ટોઈલેટ બનાવવા, વર્કશોપ ચલાવવા અને અન્ય બાબતોનો સમાવેશ થાય છે. વડાપ્રદાન નરેન્દ્રમોદીએ આના માટે હાકલ કર્યા બાદ તરત જ આને સારો પ્રતિસાદ મળવાની શરૂઆત થઈ ગઈ હતી. પ્રાથમિક પ્રતિસાદ સારો મળતા દેશના લોકોમાં પણ આને લઈને ઉત્સાહ છે. આવનાર દિવસમાં અન્ય કંપનીઓ આગળ આગળ આવે તેવી શક્યતા છે. ભારતીય કંપનીઓ મોદીની કામગીરીથી પ્રભાવિત છે. મોદી સરકાર સત્તામાં આવ્યા બાદથી સુધારા પગલા ઝડપી લઈ રહી છે.

## ભગતસિંહ હજુ પણ યુવાનો માટે પ્રેરણા સમાન છે : મોદી

નવી દિલ્હી,તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા સેનાની ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને આજે ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. પંજાબના હુસૈનીવાલા ખાતે તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ૨૩મી માર્ચ ૧૯૩૧ના દિવસે આ જ જગ્યાએ આ ત્રણેયના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. અહીં શ્રદ્ધાંજલિ સમારોહને સંબોધતાં મોદીએ કહ્યું હતું કે, તેમની શહિદીને ક્યારેય પણ દેશના લોકો ભૂલી શકશે નહીં. મોદીએ અન્ય તમામ મુદ્દાઓ ઉપર પણ વાત કરી હતી. મોદીએ ખાતરી આપી હતી કે, પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ દ્વારા રજુ કરવામાં આવેલા તમામ મુદ્દાઓમાં ધ્યાન આપવામાં આવશે. તેમની સરકાર ૨૦૪ કોલસા ખાણ પૈકીના માત્ર ૧૮ કોલસા ખાણની હરાજી કરી શકી છે. નવી હરાજીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ૧૮ કોલસા ખાણની હરાજી કરાઈ છે પરંતુ બીડનો આંકડો બે લાખ કરોડથી ઉપર પહોંચી ગયો છે. મોદીએ કોલસા કૌભાંડનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, કેગે ૧૭૪૦૦૦ કરોડના નુકશાનનો અંદાજ મુક્યો હતો. કેટલાક લોકોએ તો એમપણ



કહ્યું હતું કે આમાં કોઈ નુકશાન થયું નહતું. અગાઉની કોંગ્રેસ સરકારની ઝાટકણી કાઢતા મોદીએ કહ્યું હતું કે, ભ્રષ્ટાચારના કારણે દેશ બર્બાદ થઈ ગયો છે. દેશને આગળ લઈ જવા માટે અમને ખેડૂતો, ગામ અને ખેડૂતોના બાળકો તરફ ધ્યાન આપવું પડશે. વડાપ્રધાને પંજાબમાં હોર્ટીકલ્ચર રિસર્ચ એન્ડ ટ્રેનિંગ માટે શહીદ ભગતસિંહ પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટ્યુટ સ્થાપવાની પણ જાહેરાત કરી હતી. સોઈલ હેલ્થગાર્ડની મદદથી ખેડૂતોની આર્થિક પ્રગતિ થશે. સરકાર ઈચ્છે છે કે ખેડૂતો વધુ સારી કૃષિ પેદાશો માટે સોઈલ હેલ્થકાર્ડનો ઉપયોગ કરે. કૃષિ માટે જરૂર કરતા વધારે ખાતરોનો ઉપયોગ ન કરવા વડાપ્રધાને ખેડૂતોને અપીલ કરી હતી અને કહ્યું હતું કે, પાણીના દરેક ટીપાને બચાવવાની જરૂર છે, તો જ પાણીની સમસ્યાને ઉકેલી શકાશે. ૨૦૨૨ સુધી કોઈપણ વ્યક્તિ ઘર વગર ન રહે તે માટે સરકાર વચનબદ્ધ છે. ૨૦૧૯માં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ આવનાર છે ત્યારે તેમના સ્વચ્છ ભારતના સ્વપ્નને પૂર્ણ કરવામાં આવે તે જરૂરી છે. ભગતસિંહની વાત કરતા તેમણે કહ્યું હતું કે, આજના યુવાનો તેમનાથી પ્રેરણા લે છે. પંજાબ સાહસી લોકોની જમીન છે. વડાપ્રધાને જલીયાવાલા બાગ ગ્રાઉન્ડની પણ મુલાકાત લીધી હતી. આજે બપોરે તેઓ અમૃતસર વિમાની મથકે પહોંચ્યા હતા, ત્યાંથી તેઓ હેલિકોપ્ટરની મદદથી હુસૈનીવાલા ખાતે પહોંચ્યા હતા. મોદી રાજીવગાંધી બાદ અહીં પહોંચનાર બીજા વડાપ્રધાન છે. રાજીવ ગાંધીએ ૧૯૮૫માં હુસૈનીવાલાની મુલાકાત લીધી હતી.મોદી ત્યારબાદ અમૃતસરમાં સ્વર્ણ મંદિરમાં પણ પહોંચ્યા હતા.

## નિફ્ટી ૮૫૫૦થી ઉપર જ રહ્યો : ઉદાસીન કારોબાર

મુંબઈ,તા. ૨૩

શેરબજારમાં આજે મંદીનું મોજું ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૬૯ પોઈન્ટ ઘટીને ૨૮૧૯૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૦ પોઈન્ટ ઘટીને ૮૫૫૧ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટીએ ૮૫૫૦ની સપાટીને જાળવી રાખવા માટે સફળતા મેળવી હતી. બજારમાં હવે ઉદાસીન માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક અને વૈશ્વિક બન્ને બજારમાં નિરાશા દેખાઈ રહી છે. ફોરેન પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા શુક્રવારના દિવસે ૩૫૪.૫૯ કરોડની કિંમતના ઈક્વિટીની ખરીદી કરી હતી. બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં સૌથી વધુ એક ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે આઈટી, બેંકેક્સમાં પણ ઘટાડો રહ્યો હતો. ઓટો અને મેટલ ઈન્ડેક્સમાં પણ સુધારો જોવા મળ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં ૧.૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. શેરબજારમાં આજે અફળાતફળીનો માહોલ રહ્યો હતો. ભેલના શેરમાં ૩.૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. સરકારી એન્જિનિયરીંગ મહાકાય કંપનીમાં ૫ ટકા હિસ્સેદારી વેચવાની સરકારે જાહેરાત કર્યા બાદથી આ શેરમાં દબાણની સ્થિતિ છે. કોલ ઈન્ડિયામાં ૦.૨ ટકાનો ઉછાળો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં આજે મંદી જોવા મળી હતી. મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૮ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટબ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૯૭૪ શેરમાં મંદી અને ૮૮૨ શેરમાં તેજી રહી હતી. સરકારે હાલમાં જ કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. આજે કારોબાર દરમિયાન એનટીપીસીના શેરમાં રીબાઉન્ડની સ્થિતિ રહી હતી. તેના શેરમાં ૩.૨ ટકાનો ઉછાળો રહ્યો હતો. આ શેરમાં ગયા સપ્તાહમાં આશરે ૯ ટકાનો ઘટાડો રહ્યો હતો. ભારતી એરટેલમાં ૦.૮ ટકાનો ઉછાળો રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શુક્રવારે શેરબજારમાં સતત ત્રીજા દિવસે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૨૦૮ પોઈન્ટ ઘટીને ૨૮૨૬૧ની સપાટીએ રહ્યો હતો જ્યારે ૬૪ પોઈન્ટ ઘટીને ૮૫૭૧ની સપાટીએ રહ્યો હતો. બેંચમાર્ક શેર ઈન્ડેક્સમાં મંદી રહેવા માટે ઘણા પરિબળો જવાબદાર રહ્યા હતા.

## ટીસીએસ આગામી વર્ષમાં ૩૫ હજાર લોકોની ભરતી કરશે


બેંગલોર,તા. ૨૩

ભારતની સૌથી મોટી સોફ્ટવેર નિકાસ કંપની ટીસીએસ ટુંક સમયમાં જ ૩૫૦૦૦ લોકોની ભરતી કરનાર છે. ટીસીએસ તેના કર્મચારીઓના વર્તમાન માળખામાં પણ મોટાપાયે ફેરફાર કરે તેવી શક્યતા છે. તેના સિનિયર લેવલના કારોબારીઓમાંથી ખરાબ અને નિરાશાજનક દેખાવ કરી રહેલા કર્મચારીઓને લેઓફ આપી દેવામાં આવે તેવી શક્યતા છે. અંડર પર્ફોર્મર પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. કંપનીએ કહ્યું છે કે કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરવાની યોજના સ્વેચ્છિકરીતે રહેશે. નિવૃત થવા ઈચ્છુક લોકોને જ મંજૂરી આપવામાં આવનાર છે. સ્વેચ્છિક રીતે કંપની છોડવા ઈચ્છુક લોકોને રોકવામાં આવશે નહી. બીજી બાજુ નવા કુશળ લોકોને સામેલ કરવામાં આવનાર છે. કેમ્પસમાથી ભરતીની પ્રક્રિયા પહેલાથી જ શરૂ કરવામાં આવી ચુકી છે. ૩૧૦૦૦ લોકોને ઓફર લેટર આપી દેવામાં આવ્યા છે. પુનરચનાની કામગીરી કંપનીના કર્મચારીઓની સંખ્યાના એક ટકાની આસપાસ છે. કંપનીના માળખામા ફેરરચનાની સાથે સાથે મિડલ અને સિનિયર લેવલના કારોબારીઓ પર ખાસ ધ્યાન આપવામાં આવનાર છે. આ કવાયતને ટુંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. ભારતમાં સૌથી વધુ ભરતી કરનાર કંપનીમાં ટીસીએસ સામેલ છે. આ કંપની હાલમાં ૩૧૩૭૫૭ કર્મચારીઓ ધરાવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં ટોપ ભરતી કરનારમાં સામેલ સોફ્ટવેર કંપની સૌથી આગળ છે. તાતા ગ્રુપની અન્ય એક કંપની તાતા સ્ટીલે જુલાઈમાં વેલ્સમાં તેના પ્લાન્ટ ખાતે ૪૦૦ કર્મચારીઓને ઘટાડી દેવાની જાહેરાત કરી હતી. ટીસીએસ માર્કેટ મુડીની દ્રષ્ટિએ દેશની પ્રથમ ક્રમાંકની કંપની બનેલી છે.

## ભારત-પાક મંત્રણામાં હુર્રિયતની કોઈપણ ભૂમિકાનો સ્પષ્ટ ઈન્કાર

નવી દિલ્હી,તા. ૨૩

નરેન્દ્ર મોદી સરકારે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચેની મંત્રણામાં ત્રીજા પક્ષની ભૂમિકાની કોઈ જગ્યા નથી. પાકિસ્તાન દિવસની ઉજવણી માટે કટ્ટરપંથી હુર્રિયતને આમંત્રણ આપવામાં આવ્યા બાદ આને લઈને મોદી સરકારે કોઈ વાંધો ઉઠાવ્યો નથી, પરંતુ સાફ શબ્દોમાં કહ્યું છે કે,બન્ને દેશો વચ્ચેની મંત્રણામાં ત્રીજા પક્ષની કોઈ જગ્યા નથી. વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા સૈયદ અકબરુદ્દીને કહ્યું છે કે, અમે અનેક વખત કહી ચુક્યા છે કે, ત્રીજા પક્ષની કોઈપણ જગ્યા નથી. આને લઈને કોઈપણ ગેરસમજ રાખવામાં આવે તે યોગ્ય નથી. હુર્રીયતની કોઈપણ પ્રકારની ભૂમિકા હોઈ શકે નહીં. ફરી એકવાર ભારતે કહ્યું છે કે, માત્ર બન્ને



પક્ષો જ વાતચીત કરશે. ભારત-પાકિસ્તાનના મુદ્દાઓને ઉકેલવામાં ત્રીજા પક્ષની કોઈ ભૂમિકા નથી.તેમણે ઉમેર્યું હતું કે, શિમલા સમજુતી અને લાહોર ઘોષણાપત્રના માળખામાં રહીને શાંતિપૂર્ણ દ્વિપક્ષીય મંત્રણાથી જ તમામ જટીલ મુદ્દાઓને ઉકેલી શકાય છે. એક દિવસ અગાઉ ભારતમાં ઈસ્લામાબાદના રાજદૂત અબ્દુલ બાસિતે દાવો કર્યો હતો કે, પાકિસ્તાન દિવસની ઉજવણી માટે હુર્રીયતના નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યા બાદ આને લઈ ભારતને કોઈ વાંધો નથી.

જમ્મુ-કાશ્મીર અલગ્તાવાદી નેતાઓ પૈકીના સાત નેતાઓ કાર્યક્રમમાં ભાગ લેશે. આ સાત નેતાઓમાં સૈયદ અલીશા ગિલાની, મિરવાઈઝ ઉમર ફારુક, યાસીન મલીકનો સમાવેશ થાય છે. તાજેતરમાં જ કટ્ટરપંથી મસરત અલમને જમ્મુ-કાશ્મીર સરકારે મુક્ત કર્યો હતો. પરંતુ તેને આમંત્રણ આપવામાં આવ્યું નથી.હુર્રિયત કોન્ફ્રન્સના નેતાઓ વર્ષોથી ભારત સરકારની શાંતિપૂર્ણ હિલચાલ સામે અડચણો ઉભી કરતા રહ્યા છે. થોડાક સમય પહેલાં જ ભારત સાથેની મંત્રણા પહેલા પાકિસ્તાને હુર્રિયત નેતાઓને આમંત્રણ આપતા બન્ને દેશો વચ્ચેની મંત્રણા ભાંગી પડી હતી. ભારત સરકારે જોરદાર વાંધો ઉઠાવીને પાકિસ્તાન સાથે વાતચીત સાથે ઈન્કાર કરી દીધો હતો. પાકિસ્તાને ફરી એકવાર આવું જ વલણ અપનાવ્યું છે.

## સીબીઆઈ, એસ્સાર અને કેન્દ્રને નોટીસો ફટકારાઈ

નવી દિલ્હી, તા. ૨૩

સુપ્રીમ કોર્ટે આજે કોર્પોરેટ બ્યુરોક્રેટ અને મીડિયા વચ્ચે સાંઠગાંઠના મામલામાં કોર્ટની નજર હેઠળ તપાસની માંગ કરતી જાહેર હિતની અરજી પર એસ્સાર ગ્રુપ, કેન્દ્ર સરકાર અને સીબીઆઈને આજે નોટીસ ફટકારી હતી.

બિઝનેસના હિતોને પ્રોત્સાહન આપવા આ પ્રકારની વૃત્તિ અપનાવાઈ હતી. જસ્ટીસ ટીએસ ઠાકુરના નેતૃત્વમાં બેંચ દ્વારા આ સમગ્ર મામલો રજુ કરાયો હતો. જેના પર સુનાવણી હાથ ધરાઈ હતી. અરજી દારે તર્કદાર દલીલો કરી હતી. અરજીદારોની સંસ્થાનું નેતૃત્વ પ્રશાંત ભૂષણ દ્વારા કરાયું હતું. ભૂષણે આક્ષેપ કર્યો હતો કે, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી માટે એસ્સાર દ્વારા ખાસ વ્યવસ્થા કરાઈ હતી.

## સમાચાર ઝલક

- **ગુજરાતમાં ધોરણ-૮ સુધી નાપાસ ન કરવાની નીતિ રદ કરાશે.**
- **સુરતમાં કાપડ બજારમાં લગ્નસરાની ખરીદી ફિક્કી. અચાનક ઘટાડાથી નિરાશાનો માહોલ.**
- **ઝાલાવાડમાં બે અકસ્માતમાં પાંચ વ્યક્તિઓના મોત.**
- **જિલ્લા પંચાયતના નિવૃત્ત કર્મચારીઓને ખાતાકીય પરીક્ષાના પ્રમાણપત્રમાંથી મુક્તિ આપવામાં આવી.**
- **સચિન તેંડુલકરની ફેરવેલ ટેસ્ટ જર્સીના રૂપિયા છ લાખ મળ્યા.**
- **મુંબઈમાં ગુમાસ્તા ધારામાં ધરખમ ફેરફાર. હવેથી ૩૬૫ દિવસ દુકાનો ધમધમશે.**
- **નકસલીઓ કરતાં મચ્છરો અને જીવાતથી જવાનોના જાન વધુ જાય છે. ૨૦૧૪માં ૯૫ જવાનો બિમારીથી મૃત્યુ પામ્યા.**
- **અયોધ્યામાં રામ નવમીના મેળાને ધ્યાનમાં રાખી કડક સુરક્ષા.**
- **૭૦ ટકા મુંબઈવાસીએ દાંતના રોગોનો ભોગ બનેલ છે.**
- **વિશ્વમાં અબજો લોકો પીવાના સ્વચ્છ પાણીથી વંચિત. ભવિષ્યમાં પાણી માટે રમખાણોની દહેશત.**
- **પેરુમાં ૧૦૦૦ વર્ષ જૂનાં પૌરાણિક મમી મળ્યાં.**

## પાકિસ્તાની સરહદ પર હાલ ૩૦થી વધુ આતંકવાદી અડ્ડા

નવી દિલ્હી,તા. ૨૩

પાકિસ્તાન તરફથી હાલમાં કરવામાં આવી રહેલા યુદ્ધવિરામના સતત ભંગ વચ્ચે હવે એવી ચોંકાવનારી માહિતી મળી છે કે પાકિસ્તાની સરહદ પર હાલમાં ૨૫થી ૩૦ ત્રાસવાદી અડ્ડા પણ ચાલી રહ્યા છે. આ ત્રાસવાદી અડ્ડામાં તમામ પ્રકારીન ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. જેમાં ઘાતક હથિયારોની તાલીમનો સમાવેશ થાય છે. આ બાબત સાબિત કરે છે કે પાકિસ્તાન ત્રાસવાદ સામે પગલાને લઈને બિલ કુલ ગંભીર નથી. આ ત્રાસવાદીઓ પરિસ્થિતીનો લાભ ઉઠાવીને કોઈ પણ સમય ઘુસણખોરી કરવાની તૈયારીમાં છે. પાકિસ્તાની સેનાનો ત્રાસવાદીઓને ખુલ્લો ટેકો છે. કારણ કે તેમની હાજરીમાં તેઓ સક્રિય થયેલા છે. પાકિસ્તાન દ્વારા વારંવાર કરવામાં આવી રહેલા ગોળીબાર પાછળ તેનો ખતરનાક ઈરાદો હોઈ શકે છે. અહેવાલ મુજબ પાકિસ્તાનની સરહદ પર ૨૫-૩૦ ત્રાસવાદી અડ્ડા હાલમાં ચાલી રહ્યા છે. છેલ્લા ૪૫ દિવસની અદંર પાકિસ્તાને યુદ્ધવિરામનો અવિરત ભંગ કર્યો છે. જે ખતરનાક સંકેત આપે છે. પાકિસ્તાની સેનાની ચોકીઓમાં ત્રાસવાદીઓ છુપાયેલા છે. છેલ્લા ૪૫ દિવસની અંદર પાકિસ્તાની સેનાએ સતત ભારે ગોળીબાર કર્યો છે.પાકિસ્તાની સરહદ પર ત્રાસવાદીઓએ લોન્ચ પેડ પણ બનાવ્યા છે. જે સાબિત કરે છે કે પાકિસ્તાની સેના અને ત્રાસવાદીઓ સાથે મળીને લડી રહ્યા છે. પાકિસ્તાની સેના ગોળીબારના છત્ર હેઠળ ત્રાસાવાદીઓ ઘુસણખોરી કરવા માટે તૈયાર છે.

## લઘુમતીઓનું સંપૂર્ણપણે રક્ષણ કરાશે : રાજનાથ

નવી દિલ્હી,તા. ૨૩

દેશના જુદા-જુદા ભાગોમાં ચર્ચ અને અન્ય લઘુમતી સંસ્થાઓ ઉપર કરવામાં આવી રહેલા હુમલા અંગે ચિંતા વ્યક્ત કરીને ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, લઘુમતીઓની સુરક્ષા માટે બનતા તમામ પગલા લેવામાં આવશે. તેમની સુરક્ષાની ખાતરી કરવા સરકાર કટીબદ્ધ છે. તેમણે કહ્યું હતું કે, લઘુમતીઓની સુરક્ષા માટે સરકાર કોઈપણ પગલા લેવા માટે તૈયાર છે. લઘુમતીઓની અંદર દહેશતને દૂર કરવા માટે પગલા લેવાઈ રહ્યા છે. રાજનાથસિંહે ધર્માંતરણને લઈને વાત કરી હતી અને ધર્માંતરણ વિરોધી કાયદા માટેની જરૂરીયાત ઉપર ચર્ચા માટે તરફેણ કરી હતી.

## ફંડ એકત્રિત કરવા સહારાને ત્રણ મહિનાની મહેતલ મળી

નવી દિલ્હી,તા. ૨૩

સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯માં કંપની દ્વારા ઉભા કરવામાં આવેલા મૂડીરોકાણકારોના નાણાંપરત આપી દેવા ફંડ એકત્રિત કરવા સહારાને ત્રણ મહિનાની મહેતલ આપી દીધી છે. સહારાને ત્રણ મહિનાની મહેતલ આપીને આ સંદર્ભમાં અંતિમ અહેવાલ રજુ કરવા કહેવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે ફંડ એકત્રિત કરવા મુંબઈ નજીક એમ્બે વેલી ટાઉનશીપના ચોક્કસ હિસ્સાને વેચી મારવા સહારાને મંજુરી આપી છે. સુપ્રીમ કોર્ટે અમેરિકા સ્થિત મૂડીરોકાણકાર મિરાયને સહારા ઓવરસીઝ હોટલોની ખરીદી કરવા વિધિવત અરજી દાખલ કરવા મંજુરી આપી દીધી છે. સહારાના વડા સુબ્રતા રોય અને અન્ય બે ડિરેક્ટર રવિશંકર દૂબે અને અશોક રોય ચૌધરી ચોથી માર્ચ ૨૦૧૪ના દિવસથી કસ્ટડીમાં છે. સુપ્રીમ કોર્ટના ૩૧મી ઓગસ્ટ ૨૦૧૨ અને પાંચમી ડિસેમ્બર ૨૦૧૨ના આદેશોને પાડવામાં ગ્રુપ કંપનીઓ નિષ્ફળ ગઈ છે. મૂડીરોકાણકારોને નાણાંપરત કરવામાં આ કંપનીઓને સફળતા હાથ લાગી નથી. મૂડીરોકાણકારોના નાણાંનો આંકડો ૨૪૦૦૦ કરોડની આસપાસનો છે. આ રકમ વ્યાજ સાથે ચુકવવાની ફરજ પડશે. જેથી સહારાના વડા સુબ્રતા રોય અને કંપનીઓના અન્ય અધિકારીઓ સામે પડકારરૂપ સ્થિતિ સર્જાઈ છે. મૂડીરોકાણકારો પાસેથી નાણાં ઉઘરાવી લેવામાં આવ્યા બાદ તેમના નાણાં પરત કરી શકાયા નથી. આ મામલો ઘણા સમયથી કોર્ટમાં છે. ૨૦૧૪ બાદથી સુબ્રતા રોય કસ્ટડીમાં છે. તેમની જામીન માટેની અરજીઓ વારંવાર ફગાવી દેવામાં આવી હતી. તેમની કોઈપણ દલીલો સ્વિકારવામાં આવી રહી નથી. આ ઉપરાંત તેમની અન્ય રજુઆતો પણ ફગાવી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે ફંડ એકત્રિત કરવા સહારાને ત્રણ મહિનાની મહેતલ આપ્યા બાદ આંશિક રાહત મળી છે પરંતુ નાણાં એકત્રિત કરવાની બાબત તેના માટે હવે ખૂબ મુશ્કેલરૂપ રહેશે.સહારા ગ્રુપ છેલ્લા ઘણા સમયથી કાયદાકીય ગુંચમાં છે.